આત્મરતિ * હિતમતિ * અવંતિપતિ

# શ્રી સમરાદિત્ય પ્રવચનો

## ભાગ-૧

પ્રવચનકાર

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

Scanned by CamScanner

તમે કથા પાસે આવો છો ત્યારે
તમને મજા આવવા માંડે છે એ
પાક્કી વાત છે. કથામાંથી મજા મેળવે
તે અધૂરિયો રહે છે. કથામાંથી માર્ગદર્શન
મેળવે તે અધૂરપથી બચી શકે છે.
કથામાંથી માર્ગદર્શન કેવી રીતે મેળવવું ?
આ પ્રશ્ન વિકટ છે અને આ પ્રશ્નનો
જવાબ આ પુસ્તક છે. આમાં કથા છે.
અને કથા દ્વારા મળનારું માર્ગદર્શન છે.

દેવર્ધિ

Scanned by CamScanner

# The story of a Analysis
# Analysis of the story

પ્રશ્ન છે. વિચારવા જેવો પ્રશ્ન. સમજવા જેવો પ્રશ્ન. ધર્મ કરનારી વ્યક્તિનો કષાય અનંતાનુબંધીનો હોઈ શકે?

વ્યવહારની ભાષા આનો જવાબ એમ આપશે કે ધર્મ કરનારી વ્યક્તિનો કષાય અનંતાનુબંધીનો હોઈ શકે છે.

નિશ્ચયની ભાષાનો જવાબ કડક છે. નિશ્ચયની ભાષા આનો જવાબ એમ આપશે કે - જેનો કષાય અનંતાનુબંધીનો હોય એને ધર્મનો સ્પર્શ મળેલો જ નથી, માટે તે ધર્મી ગણાય જ નહીં.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં લખ્યું છે તેમ કષાયનો રંગ કાળો છે. (चत्तारि एए कसिणा कसाया) અનંતાનુબંધીનો કષાય એ દર્શનાચારનો સૌથી મોટો દુશ્મન છે. તમે વિચારો, તમારામાં ક્રોધ અથવા માન અથવા માયા અથવા લોભ છે? જવાબ હા-માં આવશે. હવે આગળ વિચારો કે તમારા કષાયની તીવ્રતા કેવી છે? તીવ્રતાના બે રૂપ છે.

પ્રથમ રૂપ - તમારો કષાય કેટલા વરસ જૂનો છે, તે તપાસો. બે - તમારો કષાય કેટલો ઉગ્ર અને કટ્ટર છે, તે તપાસો. કર્મસાહિત્ય કહે છે કે જે કષાય એક વરસથી વધારે લાંબો સમય ટકેલો હોય તે તીવ્ર કષાય છે અને આ તીવ્રતાવાળો કષાય અનંતાનુબંધીનો ગણાય છે. योगशास्त्र बालावबोधમાં શ્રી સમયસુંદરસૂરિજી મહારાજા ફરમાવે છે કે થોડા સમય માટે આવેલો

Scanned by CamScanner

કષાય પણ અતિશય તીવ્ર હોય એવું બની શકે છે. આવી પરિસ્થિતિમાં એ થોડા સમયની અતિતીવ્રતા પણ કષાયને અનંતાનુબંધીનો બનાવી દે છે.

ધર્મ કરનારી વ્યક્તિનું એ અંતરંગ કર્તવ્ય છે કે તે પોતાના કષાયોને સતત તપાસે. આજનો સમય, પાંચમા આરાનો છે. કષાયનો સંપૂર્ણ ક્ષય આજના સમયમાં થવાનો નથી. કષાય નબળા પડશે પરંતુ કષાયની હાજરી જીવનની અંતિમ ઘડી સુધી રહેવાની છે. કષાયની હાજરીમાં કષાયની સામે સતત લડતા રહેવાનું છે. શ્રી મોહનીયકર્મની પૂજામાં સરસ પંક્તિ આવે છે. 'ચાર ચતુર ચિત્ત ચોરટા રે.' કષાય ચાર છે. ચારેય ચોર છે. ચારેય ચાલાક છે. ચારેય કષાય ચિત્તમાં વસીને, ચોરી લે છે આધ્યાત્મિક તંદુરસ્તીને.

ધર્મ પંચમહાવ્રતનો હોય, ધર્મ બાર અણુવ્રતનો હોય, ધર્મ એકાદ અણુવ્રતનો હોય, ધર્મ ચૌદ નિયમનો કે એકાદ નિયમનો હોય, ધર્મ પૂજા-પ્રતિક્રમણ સામાયિકનો હોય, ધર્મ તપસ્યાનો હોય, ધર્મ દાન સ્વરૂપે હોય : કોઈ પણ ધર્મ હોય, અનંતાનુબંધીનો કષાય આ ધર્મને ફલરહિત બનાવી દે છે. વરસોથી દીક્ષા પાળનારા મહાત્માને અથવા વરસોથી પ્રતિક્રમણ કરનારા શ્રાવક કે શ્રાવિકાને પણ અનંતાનુબંધીનો કષાય લાગુ પડેલો હોઈ શકે છે.

સૌથી મોટી તકલીફ એ છે કે - તમારો કષાય અનંતાનુબંધીનો છે એ તમને સમજાતું જ નથી. તમને એ સમજાશે કે અનંતાનુબંધીનો કષાય ખરાબ કહેવાય. પરંતુ, તમને એ નહીં સમજાય કે અનંતાનુબંધીનો કષાય મારામાં ભરેલો છે, ઠાંસી ઠાંસીને ભર્યો છે. તમને એમ લાગશે કે હું જીવનમાં ધર્મ કરતો રહું છું, માટે મારી સદ્‌ગતિ નિશ્ચિત છે. હકીકત એ હશે કે ધર્મની આસપાસ ગુંથાયેલા અનંતાનુબંધીના જાળા તમને દુર્ગતિમાં જ ખેંચી જશે.

**અનંતાનુબંધીથી બચવા માટે શું કરી શકાય ? ત્રણ મુદ્દા છે, એની પર કામ થઈ શકે.**

Scanned by CamScanner

એક, તમે જેનાથી નારાજ છો એની પર ક્રોધ કરો છો અથવા એની નિંદા કરો છો અથવા એની સામે રાજરમત ખેલો છો. આ અવસ્થા કષાયની આગ છે. તમે નારાજગી, નિંદા અને રાજરમત છોડવાની કોશિશ કરો. કોશિશ વધારતા રહો. નારાજગી જેટલી ઓછી એટલી જ અનંતાનુબંધીની તાકાત ઓછી.

બે, જે ભૂલને કારણે આર્થિક નુકસાન થાય છે એ ભૂલનો પસ્તાવો જેવો ભારે હોય છે એવો જ ભારે પસ્તાવો પોતાના કષાય માટેનો જાગૃત કરો અને જાગૃત રાખો. દેવ, ગુરુ અને ધર્મની સાથે જે સમય વીતે - તેમાં આ પસ્તાવો વ્યક્ત કરો. દેવની સાખે, ગુરુની સાખે અને આત્માની સાખે કષાયની, ભીતરના કષાયની માફી માંગતા રહો, 'મારામાં કષાય છે તેની હું માફી માંગું છું...' આ વાક્ય વારંવાર બોલતા રહો. આ વાક્યને ચિંતનનો મુદ્દો બનાવતા રહો. तं निंदे तं च गरिहामि।

ત્રણ, અનંતાનુબંધીના કષાય કેવા કેવા નુકશાન કરે છે એનો અભ્યાસ કરો. કષાયને કારણે પીડાઓ ભોગવનારા આત્માઓની કથાઓ વાંચો. એવી પીડાઓ મારે ભોગવવી નથી એવો સંકલ્પ કરો. કથાઓમાંથી માર્ગદર્શન મેળવો અને એ મુજબ ખુદમાં પરિવર્તન આણવાની મહેનત કરો. કથાઓ ખૂબ બધી વાંચો, વારંવાર વાંચો, એ કથાઓનું ઘટનાતત્ત્વ તમારી ખરાબીને તોડશે, એવો વિશ્વાસ રાખો અને વાંચનમાં વહેતા રહો.

શ્રી સમરાદિત્ય પ્રવચનોમાં તમને ત્રીજો મુદ્દો પાને પાને મળે છે. એક તો કથા મહાન છે, બીજું આ કથાનું ઉદ્‌બોધન, વિવરણ કરનારા પ્રવચનકાર પણ મહાન છે.

મહાકવિ ધનંજયે 'तिलकमंजरी'ના પ્રારંભે લખ્યું છે કે - તમે એકવાર સમારાદિત્ય કથાની છાયામાં આવી ગયા એટલે બસ. પછી તમે લડાઈ લડી જ

Scanned by CamScanner

ન શકો, વૈર રાખી જ ન શકો. સંક્લેશ ટકાવી જ ન શકો. શ્લોક આ મુજબ છે.

**निरोद्धुं पार्यते केन समरादित्यजन्मनः ।**

**प्रशमस्य वशीभूतं समरादि त्यजन् मनः ॥**

શ્રી સમરાદિત્ય કથા, શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાનાં અગાધ ચિંતનમાંથી પ્રગટી છે. સમુદ્રમંથન પછી રત્નો નીકળ્યાં એમ હિંદુ પરંપરા કહે છે. આત્મમંથન પછી સમરાદિત્ય કથા નીકળી છે. એક મહાપ્રભાવશાળી સારસ્વત પુરુષ કથાના માધ્યમે ઉપદેશ આપવા ધારે ત્યારે કથાનું દરેક સ્તર ઊંચું હોય અને એમાંથી નીતરતા ઉપદેશનું સ્તર પણ ઊંચું હોય. 'श्री समरादित्य कथा' ને પ્રાકૃતભાષા વૈભવનો માઈલસ્ટોન માનવામાં આવે છે. 'श्री समरादित्य कथा' ને ભારતીય કથા સાહિત્યનું ગૌરીશંકર-શીખર માનવામાં આવે છે. આનાથી પણ મોટી વાત એ છે કરે 'श्री समरादित्य कथा' ને આત્મનિરીક્ષણનું સૌથી સશક્ત માધ્યમ માનવામાં આવે છે. શ્રી સમરાદિત્ય પ્રવચનોમાં આ કથાનું આધ્યાત્મિક પાસું ઊંડાણ અને વિસ્તારપૂર્વક રજુ થયેલું છે.

તમે કથા પાસે આવો છો ત્યારે તમને મજા આવવા માંડે છે. એ પાક્કી વાત છે. કથામાંથી મજા મેળવે તે અધૂરિયો રહે છે. કથામાંથી માર્ગદર્શન મેળવે તે અધૂરપથી બચી શકે છે. કથામાંથી માર્ગદર્શન કેવી રીતે મેળવવું ? આ પ્રશ્ન વિકટ છે અને એ પ્રશ્નનો જવાબ આ પુસ્તક છે. આમાં કથા છે. અને આ કથા દ્વારા મળનારું માર્ગદર્શન છે.

શ્રી રામચંદ્રસૂરિજી મહારાજા – એક એવું નામ છે જેની આગળ બિરૂદો લખવા બેસો તો પાર નથી આવતો. એમનો સૂરિપદ સંબંધી સૂરિ શબ્દ એટલો બધો વજનદાર છે કે સૂરીશ્વરજી એમ ન લખો તો પણ 'तित्थयरसमो सूरि' એ પંક્તિ કાનમાં પડઘાતી જ રહે છે.

Scanned by CamScanner

તેમણે ઉપદેશકની ભૂમિકાએ રહીને જૈન સંઘ પર જે ઉપકાર કર્યો છે તે સ્વયં એક ઈતિહાસ છે. પ્રવચનકારની જવાબદારી હોય છે શ્રોતાના અધ્યવસાયોને સુધારવાની, ક્યારેક તાર્કિક ભૂમિકાએ બોલવાનું હોય છે, ક્યારેક વળી ભાવનાત્મક ભૂમિકાએ બોલવાનું હોય - તેમણે બેય ભૂમિકા સંભાળીને ગંજાવર કાર્યો સિદ્ધ કર્યા છે. સામાન્યતઃ તેઓ વ્યાખ્યાનકાર તરીકે કથાઓ પર ઓછું બોલે છે. અને તાત્ત્વિક પદાર્થો અને શાસ્ત્રીય વાતોનું વિવરણ કરતા હોય છે એવું એમના પ્રવચન પુસ્તકોમાં વધુ જોવા મળે છે. પરંતુ ચાંપો વાણિયો, જેવા કથાનકો અને રામાયણ જેવી મહાકથા પર તેઓ બોલતા તે વખતે કયો રસ કેવો જામતો તે, એ સમયના હજારો શ્રોતાઓ જાણે છે. તેમના ચારસોથી વધુ પ્રવચન પુસ્તકો પ્રગટ થયા છે. જૈનપ્રવચન, જિનવાણી અને પ્રભાવક જિનવાણી આ મુખપત્રોએ પોતપોતાના પ્રકાશન કાળ દરમિયાન તેમનાં પ્રવચનોને પ્રકાશિત કર્યા છે જેનાં પાના હજારો-હજારો થાય છે. તેમનાં પ્રવચનોમાં કથા મુખ્ય નથી હોતી તે સૌનો અનુભવ છે. છતાં તેમના સૌથી વધુ પ્રચલિત બનેલા પ્રવચન પુસ્તક, **'પતન અને પુનરુત્થાન'** તથા **'રામાયણનો રસાસ્વાદ'** - આ બંને કથાપ્રધાન છે. આ જ શ્રેણિમાં હવે જોડાઈ રહ્યું છે **'શ્રી સમરાદિત્ય પ્રવચનો'** આ પુસ્તક.

પ્રવચનકારે પ્રત્યેક પ્રવચનમાં કથામાંથી કશુંક નવનીત તારવ્યું છે. એવું નવનીત જે નગદ, નક્કર છે.

**પ્રવચન : ૧**

- તમારા મનમાં કોઈની માટે દ્વેષ હોય તે ભૂંસી નાખો. આટલું જ પૂરતું નથી. કોઈનાં મનમાં તમારી માટે દ્વેષ હોય તેને દૂર કરવાની પણ કોશિશ કરો. એવું પણ બને કે એ દ્વેષ તમારી સમાધિમાં,

Scanned by CamScanner

શાંતિમાં વિક્ષેપ ઊભો કરી દે. વ્યક્તિગત સંબંધ અને વ્યવહારમાં આ બાબત હંમેશા ધ્યાનમાં રાખજો.

**પ્રવચન : ૨**

- એ વાતો સાંભળવાની બંધ કરો કે જે આત્માના હિત માટે ઉપયોગી ન હોય. વાત એ જ સાંભળો જે આત્માના હિત માટે ઉપયોગી હોય.
- જેની પ્રશંસા કરવાથી સ્વનું અને પરનું આત્મહિત ન થતું હોય તેની પ્રશંસા ન કરવી. પ્રશંસા એ જ કરવી જે સ્વ-પરનું આત્મહિત સાધવામાં ઉપયોગી હોય.
- જેનાથી આત્માનું અહિત થતું હોય તેનો ત્યાગ કરો, અથવા તેનો ત્યાગ કરવાનું લક્ષ્ય બનાવો.
- ઘણાંય કામો કરવા જેવા છે પરંતુ આપણે કરતાં નથી... એ બાકી રહેલા કામ શરૂ કરો.

**પ્રવચન : ૩**

- તમે આજે દુઃખ ભોગવો છો એનો મતલબ એ છે કે તમે ગયા ભવમાં ધર્મ કર્યો નથી. તમે આ ભવમાં ધર્મ નથી કરતા કે ધર્મ ઓછો કરો છો એનો અર્થ એ છે કે તમે આવતા ભવમાં દુઃખ જ ભોગવવાના છો.

આટલા ઉદ્ધરણો વાંચ્યા પછી તમને સમજાઈ ગયું હશે કે આ કથાપ્રવચનમાં કથાચિંતન ઘણું છે. એમ સમજો કે આ કથાનું ચિંતન પણ છે અને ચિંતનની કથા પણ છે.

શ્રી સમરાદિત્ય પ્રવચનોમાં કુલ મળીને ૭૬ પ્રવચનો છે. અને આ પ્રવચનો ૧૧૧૪ પાનામાં પથરાયેલા છે. દરેક પ્રવચનની પાંચ ચિંતન કણિકાઓ અલગ તારવો તો તમને શ્રી સમરાદિત્ય

*પ્રવચનોમાંથી ૩૮૦ ચમકદાર ચિંતનસૂત્રો મળી રહે છે. આ પુસ્તકની મજા એ છે કે તમે એકલી કથા વાંચતા જશો તો કથાનો આનંદ પણ છે, તમે એકલું ચિંતન વાંચતા જશો તો ચિંતનનો આનંદ પણ છે અને બેય સાથે વાંચવાનું ચાલુ રાખશો તો ધર્મકથાનુયોગની મંગલ અનુભૂતિ અવ્વલ દરજ્જાની છે.*

*એક ઉપદેશક કથાનું નિરૂપણ કરે એમાં એનું લક્ષ્ય હોય કથાનું અર્થઘટન. ઉચ્ચ કક્ષાનો ચિંતક કે ઉપદેશક, કથાના સામાન્ય જણાતા પ્રસંગમાંથી પણ એક અદ્ભુત નિષ્કર્ષ તારવી આપે છે. તમે પ્રસંગને કેવી રીતે જોઈ શકો છો તેનું દિશાદર્શન ઉપદેશક દ્વારા મળે છે. તમે કથાને સાંભળી હોય પરંતુ અર્થઘટન એટલું નવું હોય કે તમારી માટે આ કથા જ નવી બની જાય. કથાનું નવનીત અર્થઘટનમાં જોવા મળે. ક્યારેક કથા કે પ્રસંગની પૂર્વે અર્થઘટન રજૂ થાય છે. ક્યારેક કથા કે પ્રસંગ રજૂ કર્યા બાદ અર્થઘટન જણાવવામાં આવે છે. સારાંશ એ છે કે કથા શું કહેવા માંગે છે તે ઉપદેશક જાણે પણ છે અને જણાવે પણ છે. એક સામાન્ય આદમી જે ન વિચારી શકે તે ઉપદેશક વિચારે છે અને ઉપદેશક એ વિચારને એ રીતે પ્રસ્તુત કરે છે કે સામાન્ય આદમી પણ એક અભિનવ ભૂમિકાના શાસ્ત્રીય વિચારને સરળતાથી સમજી શકે છે.*

*સમરાદિત્યના આઠમા ભવના પ્રારંભે એક સરસ વાત રજૂ થઈ છે.* **પૂર્વભવનું પુણ્ય લઈને આવ્યા હોય એવા જીવો બે પ્રકારના હોય છે. એક, એવા જીવો જેમની પાસે સુખસામગ્રી ભરપૂર હોય છે. બે, એવા જીવો જેમની પાસે ધર્મ આચરણનું પવિત્ર બળ ઘણું બધું હોય છે. તમને પરલોકમાં સુખ સામગ્રી મળે એવું પુણ્ય ગમે કે પરલોકમાં ધર્માચરણ ઊંચું મળે એવું પુણ્ય ગમે?**

*કેટલી, સરસ વાત ? પુણ્ય પાપાનુબંધી છે કે પુણ્યાનુબંધી તે સમજવાનો રસ્તો મળી ગયો જાણે.*

Scanned by CamScanner

આઠમા ભવમાં અયોધ્યા નગરીની વાત આવે છે એમાં સૂરિ ભગવંત કેવી ટકોર કરે છે તે જુઓ : **તમારા લોકોનો કેવી નગરીમાં વાસ છે ? નિરંતર અસંખ્યાત સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવોનો ઘાત ચાલુ હોય એવી નગરીમાં ને ? આ પુણ્યશાળીનું લક્ષણ છે ?**

આ વાત આજે આ રીતે યાદ આવતી જ નથી. વિરાધના ઓછામાં ઓછી હોય એવો નિવાસ, ગામડું આપે. વિરાધના ભારેમાં ભારે હોય એવો નિવાસ, શહેર આપે. આ મુદ્દો ભૂલવા જેવો નથી.

આ પ્રવચનોમાંથી પસાર થતી વખતે જે જે પ્રેરણા મળે છે તે 'श्री समरादित्य कथा' ના ભાવાર્થનો વિસ્તાર કરે છે. પરંતુ એ પ્રેરણાઓ એવી છે જે એકલી 'श्री समरादित्य कथा' વાંચનારને નહીં મળે. એકલી 'श्री समरादित्य कथा' પણ અલબત્ મહાન છે. આ પુસ્તકમાં જે પ્રેરણાઓ છે તે 'श्री समरादित्य कथा' માં વાંચવા મળતી નથી. અને છતાં આ પ્રેરણાઓ 'श्री समरादित्य कथा' ના પ્રતિપાદ્ય વિષયને જ સરસ રીતે સમજાવે છે. આ પ્રવચનકારની પ્રતિભાની કમાલ છે.

દરેક ભવને કેટલાં પ્રવચનો મળ્યાં છે તે ગણીએ.

- પ્રથમ બે પ્રવચનમાં ભૂમિકા છે. ભૂમિકામાં ગ્રંથના રચયિતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાનો પરિચય છે.
- ત્રીજા પ્રવચનથી માંડીને એકવીસમા પ્રવચન સુધી પ્રથમ ભવનું વિવરણ છે. ગુણસેન અને અગ્નિશર્મા.
- બાવીસમા પ્રવચનથી છવ્વીસમાં પ્રવચન સુધી બીજા ભવનું વિવરણ છે. સિંહ અને આનંદ. છવ્વીસમાં પ્રવચનમાં જ ત્રીજો ભવ શરૂ થાય છે. આ રીતે.
- છવ્વીસમાં પ્રવચનથી માંડીને એકત્રીસમા પ્રવચન સુધી ત્રીજા ભવનું

Scanned by CamScanner

વિવરણ છે. શીખી અને જાલિની.

- બત્રીસમાં પ્રવચનથી માંડીને આડત્રીસમાં પ્રવચન સુધી ચોથા ભવનું વિવરણ છે. ધન અને ધનશ્રી.
- ઓગણચાળીસમા પ્રવચનથી માંડીને પિસ્તાળીસમા પ્રવચન સુધી પાંચમાં ભવનું વિવરણ છે. જય અને વિજય.
- છેતાંલીસમાં પ્રવચનથી માંડીને બાવનમાં પ્રવચન સુધી છઠ્ઠા ભવનું વિવરણ છે. ધરણ અને લક્ષ્મી.
- ત્રેપનમાં પ્રવચનથી માંડીને અઠ્ઠાવનમાં પ્રવચન સુધી સાતમા ભવનું વિવરણ છે. સેન અને વિષેણ.
- ઓગણપચાસમાં પ્રવચનથી માંડીને સિત્તેરમાં પ્રવચન સુધી આઠમા ભવનું વિવરણ છે. ગુણચંદ્ર અને વિદ્યાધર. સિત્તેરમા પ્રવચનમાં જ નવમો ભવ શરૂ થાય છે. આ રીતે.
- સિત્તેરમાં પ્રવચનથી માંડીને છોંત્તેરમાં પ્રવચન સુધી નવમા ભવનું વિવરણ છે. સમરાદિત્ય અને ગિરિસેન.

હકીકતમાં, પ્રવચનો છોત્તેરથી ઘણા વધારે થયા હતા. અહીં તે પ્રવચનોનાં અવતરણને સરખી રીતે ગોઠવવામાં આવ્યા તેથી તમને એક પ્રવચનમાં એકથી વધારે પ્રવચનોનાં અવતરણ મળે છે.

જેમ કે સિત્તેરમાં પ્રવચનમાં ત્રણ પ્રવચનો છે.

અઠ્ઠાવનમાં પ્રવચનમાં ત્રણ પ્રવચનો છે.

આ રીતે એક એક પ્રવચન + અવતરણ ગણો તો આશરે ૧૭૭ જેટલા અવતરણ છે.

આનો અર્થ એ થયો કે 'श्री समरादित्य कथा' વિષયક વ્યાખ્યાન ૧૭૭ થયા હશે. એનાથી થોડાક ઓછા કે વધુ. વળી દરેક અવતરણ નાના છે

Scanned by CamScanner

એનો અર્થ એ થાય છે કે વ્યાખ્યાનમાં બે વિષય રોજ ચાલતા હશે અને બીજો વિષય આ 'श्री समरादित्य कथा' હશે. પહેલો વિષય કોઈ અન્ય હશે. આ ૧૭૭ જેટલા વ્યાખ્યાનો સરસ રીતે છોત્તેર પ્રકરણમાં સંકલિત થયેલ અહીં જોવા મળે છે. આ દળદાર ગ્રન્થ ઘણા બધા અવાંતર વિષયોનો બોધ પણ આપે છે. કથા, પ્રેરણા અને તત્ત્વજ્ઞાન સંબંધી આવું સમૃદ્ધ સંકલન એકી સાથે ચાર ભાગમાં પ્રકાશિત થઈ રહ્યું છે. તે જોઈને રાજીપો થાય છે.

તમે આ પ્રવચનોને વાંચવામાં ઉતાવળે ઉતાવળે ભાગશો તો એનો સાચો આનંદ નહીં આવે. તમે ધીમે ધીમે વાંચજો. આટલા મુદ્દા યાદ રાખીને વાંચજો.

(૧) દરેક ભવની કથા મનોમન યાદ થઈ જાય એ જરૂરી છે. આ કથા મહાપ્રભાવશાળી છે.

(૨) દરેક ભવનું તે તે શુભ પાત્ર અને અશુભ પાત્ર શી રીતે શુભ છે અને શી રીતે અશુભ છે તેનું વિશ્લેષણ વારંવાર વાગોળજો. આ વિશ્લેષણ તમારી પાત્રતામાં શુભત્વ ઉમેરશે અને તમારી પાત્રતામાંથી અશુભત્વને ઓછું કરશે.

(૩) જે સુવાક્ય ગમી જાય તેને પચીસ-પચીસ વાર વાંચીને કંઠસ્થ કરી લેજો : સંભવ છે કે એ સુવાક્ય તમારી ભાવનાઓને સરસ રીતે બદલી નાંખે.

(૪) શુદ્ધ અધ્યવસાય અને અશુદ્ધ અધ્યવસાયને લીધે જ જીવ ક્રમશઃ યોગ્ય અને અયોગ્ય બનતો હોય છે. આ કથામાં શુદ્ધ અધ્યવસાય કેવા હોય તે પણ બતાવેલું છે. અને અશુદ્ધ અધ્યવસાય કેવા હોય તે પણ બતાવેલું છે. શું વિચારવું અને શું ન વિચારવું તેની સેલ્ફ ટ્રેઈનિંગ લેતા રહેજો. વિચારોને પારખી શકે તે સાધનામાં ઘણો આગળ વધી શકે.

(૫) 'श्री समरादित्य कथा' માટે એવો પ્રવાદ છે કે આ કથા સાંભળ્યા બાદ

Scanned by CamScanner

જેને રડવું ન આવે તે અભવ્ય અને દૂરભવ્ય છે. એ રીતે કથામાં ડૂબજો, કે આંખે આંસુ આવે અને અંદરમાં પાપ સંબંધી પસ્તાવાના પૂર આવે.

• • •

સ્વાધ્યાયવ્યાસંગી પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય જિતમૃગાઁકસૂરીશ્વરજી મ.એ આ પ્રવચનોને અવતરીત કર્યા છે. અને તેઓ શ્રીમદ્ના પટ્ટધર પરમશ્રધ્ધેય ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાએ આ પ્રવચન અવતરણો શબ્દબદ્ધ કર્યા છે. એ જ શબ્દબદ્ધ અવતરણને સુશ્રાવક કાંતિભાઈએ લયબદ્ધ અને ક્રમબદ્ધ ગોઠવીને સજ્જ કર્યા છે. વાત્સલ્યમૂર્તિ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય ચન્દ્રભૂષણસૂરિજી મ. તથા સહુ મુનિવરોએ ભારે પરિશ્રમથી આ મહાકથાને પુસ્તકરૂપે સહુ સુધી પહોંચાડી છે.

જેમણે શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. ને વાંચ્યા છે તેમને પણ આ પુસ્તક એક નવો અનુભવ આપશે તે નિશ્ચિત વાત છે. જેમણે શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.ને વાંચ્યા નથી તેને આ પુસ્તક દ્વારા એક અજાયબ યાત્રાનો આનંદ મળશે.

**जो राम से मिले उसे आराम मिले**

**जो राम से मिले उसे आठों जाम मिले ।**

આસો સુદ છઠ

વિ.સં. ૨૦૭૪ — દેવર્ષિ

યવતમાળ

Scanned by CamScanner